જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૨/૨૦૧૭ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪૭૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૪૭ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૪૨ લીટર દેશી દારૂ, ૪૦૮ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૭૦,૮૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪૭૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ ચોરી :- સમાચાર યાદી નં.૨૪૭૮/૧૭**

**ઓઢવ :** મોહમદફારુક ઇસ્માઇલ પટણી (રહે,મહમદી સોસાયટી શાલીમાર ટ્રોકીઝ સામે શાહઆલમ દાણીલીમડા) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૧૨/૧૭ રાતના ૧૦/૧૫ થી તા.૯/૧૨/૧૭ ના કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે ઓઢવ વલ્લભનગર ની સામે પટેલ વે-બ્રીજ ની પાસે ગુજરાત-મહારાષ્ટ્ર નામ નાં ગોડાઉન નાં શટર નું લોક તોડી, અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી, એક એસર કંપનીનું એલ.સી.ડી. કિંમત રૂપિયા ૨,૫૦૦/- તથા અલગ અલગ કંપની ના સ્ટીલ ના વાસણો ના પાર્સલ નંગ- ૩૩ કુલ કિંમત રૂપિયા ૪,૭૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૭૪,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોઇ.શ્રી સી.બી.ટંડેલ ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :- સમાચાર યાદી નં.૨૪૭૯/૧૭**

**સોલા હાઇકોર્ટ :** ભારતીબેન ભરતભાઇ રાઠોડ (ઉ.વ.૪૩)(રહે,હરીવંશ સોસાયટી, ફાયર સ્ટેશનની બાજુમા, શાહપુર) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૧૨/૧૭ બપોરના ૩/૩૦ થી ૩/૪૫ વાગ્યા દરમ્યાન ગોતા વંદે માતરમ આઇકોન ચાર રસ્તા રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મો.સા. ઉપર આવેલ બે પુરૂષ (૩૦ થી ૩૨ વર્ષના આશરાના) ભારતીબેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૧૨,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.મેઘાણી ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૮૦/૧૭</u>**

**સોલા હાઇકોર્ટ :** પંકજભાઇ કાંતીભાઇ પટેલ (રહે,સહજ પેરેડાઇઝ, વોક્સ વેગનની ગલીમા, આસ્થા બંગ્લોઝ ની પાછળ, સોલા) એ તા.૯/૧૨/૧૭ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૧/૧૭ રાતના ૧૦/૩૦ થી તા.૨૩/૧૧/૧૭ ના કલાક ૭/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના ઘર નજીક પાર્ક કરેલ પોતાની ફોર વ્હીલ ગાડીના આગળના ભાગે આવતું ઇલેકટ્રોનીક કંટ્રોલ મોડુયલ (ઇ.સી.એમ.) કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- તેમજ ગાડીનો કાચ તોડી ગાડીમાંથી પુમા કંપનીના સુઝ કિંમત રૂપિયા ૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૪,૦૦૦/- મતાની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રમણજી રામાજી ચલાવે છે.

**<u>વાહન ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૮૧/૧૭</u>**

**વેજલપુર :** ઉસ્માનગની અબ્દુલરહેમાન શેખ (ઉ.વ.૪૫)(રહે,અતીકાપાર્ક હાફીજી મસ્જીદની સામે ફતેવાડી કેનાલની પાસે અંબર ટાવર સામે જુહાપુરા સરખેજ રોડ) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૧૨/૧૭ ના કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પાર્ક કરેલ પોતાની ઓટો રિક્ષા નંબર જીજે.૦૧.સી.ટી.૫૪૮૧ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી સર્વેલન્સ સ્કોર્ડ નાઓ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.